

## ડીસાના હરિહર મહાદેવ મંદિરે શ્રાવણી અમાસે હવન

ડીસા શહેરમાં આવેલ રાજપુર લોધાવાસમાં વર્ષોજુનું પૌરાણિક હરિહર મહાદેવનું મંદિર આવેલું છે. જેમાં લોધા સમાજ દ્વારા ધાર્મિક તહેવારો અલગ અલગ રીતે ઉજવવામાં આવે છે. ત્યારે શ્રાવણ માસ નિમિતે ભક્તો દ્વારા શિવ ભોળાની પૂજા અર્ચના કરવામાં આવી હતી અને શ્રાવણી અમાસ નિમિતે હરિહર મહાદેવના મંદિરે હવન પણ કરવામાં આવ્યો હતો. જેમા મોટી સંખ્યામાં ભક્તોએ હવનમાં આહુતિ આપી ધન્યતા અનુભવી હતી. આ હવનમાં ઘીની આહુતિના મુખ્ય યજમાન તરીકે મુકેશભાઈ લોધા હતા. તેમજ સમગ્ર હવનનું સંચાલન રમેશભાઈ લોધા, ભરતભાઈ લોધા, ભગવાંનસિંહ તેમજ અન્ય સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહી મહાદેવના દર્શન અને હવનનો લાભ લીધો હતો. ભક્તોને મહાપ્રસાદનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

# પ્રાંતિજના હાર્દ સમાન એપ્રોચ રોડ બન્યો ખાડારીયો રોડ

**દિવસ દરમિયાન હજારોની સંખ્યામાં નાના-મોટા વાહનચાલકો અવરજવર કરે છે : કેટલાય ટુ વ્હીલરોએ ખાડાની ગહેરાઇ માપી છે અને હાથ-પગ ભાંગ્યા છે : અનેકવાર રજુઆતો છતાં તંત્ર કોઇ મોટા અકસ્માતની રાહ જોતું હોય તેવુ લાગી રહ્યું છે**

પ્રાંતિજ, તા. ૧૯ સાબરકાંઠા જિલ્લાના નિદ્રામાં હોય તેવુ લાગી રહ્યું છે. પ્રાંતિજના હાર્દ સમાન ખાડાઓમાં વરસાદી પાણી ભરાઈ રહેતા રોડ ઉપર અવરજવર કરતા ચાલકો વાહનો સાથે નીચે પટકાતા તેમના વાહનોને પણ નુકસાન થતા વિસ્તારના રહીશો દ્વારા રજુઆતો બાદ પણ હાલ તો જેની જવાબદારી



પ્રાંતિજના હાર્દ સમાન એપ્રોચરોડ ખાડારીયો રોડ બન્યો છે. વાહન ચાલકો દ્વારા અનેકવાર રજુઆતો બાદ પણ જવાબદાર તંત્ર ગૌર એપ્રોચરોડ ખડારીયો રોડ પર ઠેરઠેર મોટામસ ખાડા પડતા હાલ ચોમાસાની ઋતુમા ખાડાઓમાં પાણી ભરાઈ રહેતા રોડ ઉપર પડેલ ઠેરઠેર કેટલાય ટુ વ્હીલર વાહનચાલકોએ ખાડાની ગહેરાઈ માપી છે તો કેટલાય વાહન ચાલકોએ ખાડાઓને લઈને હાથપગ પણ ભાગ્યા છે. વાહન વાહનચાલકોને નુકશાની સહન કરવાનો વારો આવ્યો છે. અનેકવાર નાના મોટા વાહનચાલકો તથા અવરજવર કરતા તથા આ છે તે જવાબદાર આરએમબી વિભાગ જાણે કોઈ મોટા અકસ્માતની રાહ જોતું હોય તેવુ જણાઈ આવે છે.

**બુટલેગરોએ દારૂ ઘુસાડવા હવે પદ્ધતિ બદલી**

# શામળાજી પોલીસે ટ્રાવેલર બસમાંથી ૧.૪૩ લાખનો દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૧૯ અરવલ્લી જીલ્લામાં નવનિયુક્ત એસપી સંજય ખરાતના આગમન પછી જિલ્લામાં દેશી વિદેશી દારૂની હેરાફેરી અને વેચાણ અટકાવવા પોલીસ દોડધામ કરી રહી છે. ત્યારે બુટલેગરો પર તવાઈ બોલાવતા બુટલેગરોએ હવે વિદેશી દારૂ ઘુસાડવા સરકારી એસટી બસ અને ખાનગી લકઝરી બસમાં મુસાફરના સ્વાંગમાં ખેપિયાઓ મારફતે વિદેશી દારૂ ઠાલવવા પ્રયત્નશીલ બન્યા છે. ત્યારે શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીકથી મીની લકઝરી (ટ્રાવેલર) માંથી સીટની નીચે સંતાડી રાખેલા ૧.૪૩ હજારના દારૂ સાથે બે શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મીની લકઝરીમાં સંતાડેલ દારૂનો જથ્થો નાના ચિલોડા નજીક રિંગરોડ પર



બુટલેગર પાસે પહોંચે તે પહેલા શામળાજી પોલીસે બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવ્યું હતું. શામળાજી પીએસઆઈ આશિષ પટેલ અને તેમની ટીમે રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાનમાંથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતાં બુટલેગરોની વિદેશી દારૂ ઘુસાડવાની નવી મોડસ ઓપરેન્ડીશનો પર્દાફાશ થયો હતો. રાજસ્થાન તરફથી આવી રહેલ ટેમ્પો ટ્રાવેલર (ગાડી.નં. આરજે.૨૭.ટીએ.૫૬૩૨)ને અટકાવી તલાશી લેતા મીની લકઝરી બસની સીટની નીચે સંતાડી રાખેલ રાજસ્થાની બનાવટની મદીરાના પાઉચ નંગ ૨૮૭૪, કિં. રૂ. ૧,૪૩, ૭૦૦નો જથ્થો જપ્ત કરી ટ્રાવેલર ચાલક મહેશ પ્યારચંદ્ર ભાટ અને સોનુકુમાર હરીશકુમાર ખટવાણી (બંન્ને રહે. ચિત્તોરગઢ-રાજસ્થાન)ને જેલના સળિયા પાછળ ધકેલી દઈ ટેમ્પો ટ્રાવેલર, દારૂ સહીત રૂ. ૫૫૫૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી લકઝરી બસમાં વિદેશી દારૂ ભરી આપનાર ઉદેપુરના ગારિયાવાસની પાછળ રહેતા કિશનજી આહીર નામના બુટલેગર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## બાયડ તાલુકાના ઓઢા ગામે એક વર્ષથી ચાલતું ગટરનું કામ પૂર્ણ ન થતા લોકો ત્રસ્ત બન્યા

બાયડ તાલુકાના સાઠંબા નજીક આવેલ ઓઢા ગામે એક વર્ષથી ચાલતું ગટરનું કામ પૂર્ણ ન થતા ચોમાસામાં લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે. ત્યારે ગટરનું પાણી રોડ ઉપર ભરાતા ગંદકીને લઈ રોગચાળો ફેલાય તેવી દહેશત સેવાઈ રહી છે. તથા ૬ વર્ષ પહેલા બનેલ રસ્તો પણ બિસ્માર હાલતમાં હોવાથી ગ્રામજનોને વાહન લઈ જવામાં પણ ભારે મુશ્કેલી વેચવાનો વારો આવ્યો છે. ત્યારે આ મામલે ઓઢા ગામના સરપંચનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું કે હાલ કોઈ નાણાકીય ભંડોળ ન હોવાથી કામ પૂર્ણ થયું નથી તેવું લૂલો બચાવ કર્યો હતો.

**અરવલ્લીમાં હેલોદર ડબલ મર્ડર કેસનો પાંચમો આરોપી**

# ભૂરા ખાંટને માલપુર પોલીસે દબોચી જેલના સળિયા પાછળ ધકેલી દીધો

મોડાસા, તા. ૧૯ માલપુર તાલુકાના હેલોદર (ભોલા ભાઠોડા) ગામે આડા સંબંધનો કરૂણ અંજામ આવ્યો હતો,



જેમાં ગામની મહિલા સાથે આડા સબંધ રાખનાર વિક્રમભાઈ ઉજમાભાઈ પગી સાથે ગયેલા તેના પિતરાઈ ભાઈ મનુભાઈ લેંબાભાઈ પગીને ગામના જ બાબુભાઈ રામાભાઈ પગી તેના ભાઈ અને અન્ય ત્રણ શખ્સોએ ભેગા મળી ગામની સીમમાં ઢીમ ઢાળી દીધું હતું. પિતરાઈ ભાઈ સાથે જનાર યુવકનો પણ આડા સંબંધમાં ભોગ લેવાતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. ઘટનાની ગંભીરતાના પગલે જીલ્લા પોલીસવડા સંજય ખરાત, ડીવાયએસપી ભરત બસિયા અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. માલપુર પોલીસે બંને યુવાનોના મૃતદેહને પીએમ માટે ખસેડી હતી. હત્યાનો ભેદ ઉકેલવા સ્થાનિક પોલીસ અને વિવિધ એજન્સીઓ તપાસમાં જોતરાઈ હતી. ડીવાયએસપી ભરત બસિયાના માર્ગદર્શન હેઠળ પોલીસે બંને યુવકોની હત્યાનો ભેદ ગણતરીના કલાકમાં ઉકેલી નાખી ગામના જ બે સગા ભાઈ અને અન્ય બે હત્યારાઓની ધરપકડ કરી ૪ આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. હત્યામાં સંડોવાયેલ દેવદાંતીનો વિજય ઉર્ફે ભુરા ઉદાભાઈ ખાંટ નામનો હત્યારો ફરાર થઈ જતા માલપુર પોલીસે હત્યારાને ઝડપી પાડવા વિવિધ ટીમ બનાવી બાતમીના આધારે ઝડપી પાડી હેલોદર ગામે ખેલાયેલ ખૂની ખેલના તમામ આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મળી હતી.

માલપુર તાલુકાના હેલોદર ગામે થયેલા ડબલ હત્યામાંમાં સંડોવાયેલ ૪ આરોપીઓને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. હત્યાનો ભેદ ઉકેલાઈ જતા હત્યામાં સામેલ વિજય ઉર્ફે ભુરા ખાંટ નામનો આરોપી પોલીસ પકડથી બચવા ફરાર થઈ જતા માલપુર પીએસઆઈ એન.એમ. સોલંકીએ વિવિધ ટીમ બનાવી જીલ્લા સહીત અન્ય જગ્યાએ શોધખોળ હાથ ધરી હતી.

## બાયડ તાલુકાના સાઠંબા ગામ પકોડીવાળાનો વિડિયો સોશિયલ મીડિયામાં ફરતો થયો

**પકોડી ખાવાના શોખીનો માટે લાલબત્તી સમાન વિડિયો વાયરલ થયો : વિડિયો સોશિયલ મીડિયામાં આવતા તંત્રએ એક્શન લીધા**



બાયડ, તા. ૧૯ બાયડ બાયડ તાલુકાના સાઠંબા ગામે આજરોજ સોશિયલ મીડિયામાં પકોડીવાળાનો વિડિયો ખુબ જ વાયરલ થયો હતો. આ વીડિયોમાં કૂતરાએ પકોડીના થેલામાં મોઢું મારી જતો રહ્યો હતો. ત્યારે આ પકોડી ભરેલો થેલો લારીમાં મૂકતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. ત્યારે તંત્ર દ્વારા પકોડીવાળાની શોધ કરી પકોડીના થેલાને ફેંકી દેવાનો આદેશ કર્યો હતો. પકોડી ખાવાના શોખીનો માટે વિડિયો લાલબત્તી સમાન છે.

# પ્રાંતિજના ગલતેશ્વર ખાતે ભરાતો અમાસના મેળા ઉપર કોરોનાનું ગ્રહણ

**મંદિર ખાતે પણ શિવભક્તોની પાંખી હાજરી : કોરોનાએ તો ભલ-ભલાની કમાડવાળી તેમા દેવાલયો ધર્મ સ્થાનો પણ બાકાત નથી**

પ્રાંતિજ, તા. ૧૯ સાબરકાંઠા જિલ્લા પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર ખાતે આવેલ ગલતેશ્વર મહાદેવ મંદિર ખાતે દર વર્ષે ભરાતા અમાસના મેળા ઉપર પણ કોરોનાનું ગ્રહણ જોવા મલ્યુ હતુ અને દર વર્ષ ભરાતો અમાસનો મેળો સરકાર તથા ટ્રસ્ટીઓ દ્વારા મોકુફ રાખવામા આવ્યો હતો.



પ્રાંતિજના ગલતેશ્વર ખાતે આવેલ સુપ્રસિધ્ધ ગલતેશ્વર મહાદેવ મંદિર ખાતે દર વર્ષે શ્રાવણ માસના છેલ્લા દિવસે અમારાનો ભરાતો મેળો આ વર્ષે કોરોનાના ગ્રહણને લઈને મોકુફ રાખવા આવ્યો હતો. કોરોનાએ તો ભલભલાની કમાડવારી દીધી છે ત્યારે હાલ તો દેવાલયો ધર્મસ્થાનો પણ બાકાત નથી ત્યારે વધુ પડતા વધતા જતા કેસોને અને એકબીજાથી સંક્રમણીત ના થાય જેને લઈને છેલ્લા કેટલાય વર્ષોથી ગલતેશ્વર ખાતે ભરાતો અમાસનો મેળો મોકુફ રાખવામા આવ્યો હતો. ત્યારે મંદિર ખાતે અમાસના દર્શને હજારોની સંખ્યામાં આવતા શિવ ભક્તોની સંખ્યામાં પણ ઘટાડો જોવા મલ્યો હતો. પ્રાંતિજ પીઆઇ પી.એલ. વાઘેલા દ્વારા સરકારના કાયદાની કડક અમલવારી થાય અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પણ ચુસ્તપણે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## હાઈટેક ડીઝીટલ યુગમાં અંધશ્રદ્ધા કેટલાક લોકોમાં જીવંત

**ભિલોડાના જેતપુર ગામમાં વૃધ્ધા પર ડાકણનો વહેમ રાખી કુંટુબના વ્યક્તિઓએ હુમલો કર્યો**

૨૧મી સદીના હાઈટેક ડીઝીટલ યુગમાં અંધ્ધશ્રધ્ધા કેટલાક લોકોમાં હજુ પણ જીવંત છે.ભિલોડા તાલુકાના જેતપુર ગામમાં વૃધ્ધા પર ડાકણનો વહેમ રાખી કુંટુબના વ્યક્તિઓએ હુમલો કર્યો હતો. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. સરસ્વતીબેનના જણાવ્યા મુજબ જેતપુર ગામના કકવાજી નાથાજી ગામેતીની પત્ની ડાકણ હોવાનો વહેમ રાખી કુંટુબના વ્યક્તિઓએ લાકડી વડે હુમલો કર્યો હતો. ગડદા પાટુનો માર મારી તેઓના શરીર પર ઈજાઓ પહોંચાડી, બિભત્સ અપશબ્દો બોલ્યા હતા. જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદથી હુમલો કર્યો હતો.

## દિયોદરમાં વીજ કરન્ટથી યુવાનનું અકાળે મોત

કોરોના મહામારી અને વરસાદી વાતાવરણ વચ્ચે દિયોદરમાં વીજ કરંટથી આશાસ્પદ યુવકનું મોત થતાં ચકચાર મચી ગઈ છે. આજે સવારના સમગે ખેતરમાં કામ કરતાં યુવકનો હાથ વીજ થાંભલાને અડકી જતાં કરંટ લાગ્યો હતો. જેથી યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થતાં પરિવારજનો ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયા છે. ઘટનાને લઈ દિયોદર પોલીસે મૃતકની લાશને પોસ્ટમોર્ટમ માટે રેફરલ હોસ્પિટલ મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે. બનાસકાંઠા જીલ્લાના દિયોદર તાલુકાના ભેંસાણા ગામે વીજ કરંટથી યુવકનું મોત થયુ છે. ભેંસાણાના સોનાજી વરધાજી વણકર આજરોજ ખેતરમાં ચાર લેતા હતા. આ દરમ્યાન એકાએક વીજ થાંભલાને અડકી જતાં કરંટ લાગ્યા બાદ ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

# વૃક્ષારોપણ અને જળસંચય થકી જિલ્લો નંદનવન બનશે : શંકરભાઈ ચૌધરી

**બનાસડેરી અને જી.સી.એમ.એમ.એફ.ના સયુંકત ઉપક્રમે ધાનેરા તાલુકાનો વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો**

પાલનપુર, તા. ૧૯ બનાસ ડેરી અને અને ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના સંયુક્ત ઉપક્રમે અનાપુરછોટા ગામે ધાનેરા તાલુકાનો વૃક્ષારોપણ કાર્યક્રમ બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે વૃક્ષારોપણનો કાર્યક્રમ માત્ર બનાસ ડેરીનો જ નહિ પરંતુ તમામ જિલ્લાવાસીઓનો પોતીકો કાર્યક્રમ છે. વૃક્ષોનું મહત્વ સમજાવતા તેમણે ઉમેર્યું કે આપણા જીવનનો આધાર પ્રાણવાયુ છે અને આ પ્રાણવાયુ ઉત્પન્ન કરવાનું કામ એકમાત્ર વૃક્ષો જ કરે છે. આપણે આપણી ભાવિ પેઢી માટે વારસામાં પાણી અને હવા આપીને જવું હશે તો મોટા પ્રમાણમાં વૃક્ષોનું વાવેતર કરીને તેનો ઉછેર કરીને વારસામાં આપવો પડશે. તેમણે જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લો પાણીની અછતવાળો જિલ્લો છે, વર્ષોથી સુકો પ્રદેશ તરીકે ઓળખાય છે પરંતુ તેનો ભવ્ય ભૂતકાળ પાણીદાર હતો જેમાં ઘટાદાર જંગલો અને વહેતી નદીઓ આપણા પૂર્વજો એ જોઈ છે, પરંતુ કેટલાક સમયથી વરસાદનો અભાવે સૂકા પ્રદેશનું મહેણું લાગ્યું છે. વૃક્ષારોપણથી ખૂબ જ વરસાદ આવશે અને તે વરસાદી પાણીને જળસંચય થકી ગામનું પાણી ગામમાં અને ખેતરોનું પાણી ખેતરમાં રોકીને તેનો સંચય કરીશું તો પુનઃ આપણો જિલ્લો તેની આગવી ઓળખ ધરાવતો થઈ જશે. વૃક્ષારોપણની સાથે જ જળસંચયના કામો પણ બનાસડેરી થકી હવે શરૂ થશે તેની વિગતો આપતા ઉમેર્યું કે વરસાદી પાણીને રોકવા તળાવો ઉંડા થાય, નવા ચેકડેમો થાય તે માટે બનાસ ડેરી તેનું વ્યવસ્થા તંત્ર ગોઠવી રહી છે જેમાં ગામલોકોનો સહયોગ ખૂબ જ જરૂરી છે.



બનાસડેરીના પોતાના કાર્યકાળ દરમિયાન સમગ્ર નિયામક મંડળના સહયોગથી જિલ્લાના પશુપાલકોને સૌથી ઊંચું વળતર અને ભાવ વધારો આપવામાં સફળ રહેવાનો સંતોષ વ્યકત કરતા તેમને જણાવ્યું કે રાજકીય પરીપાટીથી પર રહીને નિયામક મંડળના સભ્યોએ બનાસડેરીના વિકાસમાં પોતાનો સૂર પુરાવ્યો છે. તેમણે જિલ્લામાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં સૌથી વધુ દૂધ સંપાદન કરવામાં ધાનેરા તાલુકો પ્રથમ નંબરે હોવાનું જણાવીને ધાનેરા તાલુકો બનાસકાંઠા માટે ગૌરવશાળી તાલુકો હોવાનું જણાવ્યું હતું.